1. જ્યોતિબા ભારતમાં 'મહાત્મા જ્યોતિબા ફુલે' તરીકે શાથી ઓળખાય છે?

➢ જ્યોતિબા ફુલેએ દલિતો અને સ્ત્રીઓના ઉદ્ધાર માટે શિક્ષણ અને સુધારાના ક્ષેત્રે નોંધપાત્ર કાર્યો કર્યા હતાં. તેમણે પુણેમાં કન્યાશાળા અને દલિત વર્ગોનાં બાળકો માટે શાળા શરૂ કરી હતી. તેમણે વિધવાઓને પુનર્લગ્ન કરવા સહાય કરી હતી, જ્યોતિબાએ 'દૂધપીતી કરવાનો રિવાજ અને 'દેવદાસી' જેવા કુરિવાજો તોડવા પ્રયત્ન કર્યો હતો, જ્યોતિબાની સમાજસેવાની કદરરૂપે મુંબઇના નાગરિકો એ તેમને 'મહાત્મા'ની પદવી આપી હતી. ત્યારથી જ્યોતિબા ભારતમાં 'મહાત્મા જ્યોતિબા ફૂલે' તરીકે ઓળખાય છે.'

2. નારાયણ ગુરુના કામગીરીની ચર્ચા કરો.

➢ પછાત જાતિનો તથા અસ્પૃશ્યોના ઉતકર્ષ માટે ખાજીવને કામ કરનાર નારાયણ ગુરુનો જન્મ ઈ. સ. 1856માં કેરલના એમ્પર્ગ ગામમાં થયો હતો. નારાયણ ગુરુએ જ્ઞાતિભેદ નાબૂદ કરવા અનુરોધ કર્યો હતો. નારાયણ ગુરુગને અસ્પૃશ્યોને શિક્ષણ લેવાનો અનુરોધ કર્યો હતો. તેઓ નિરક્ષરતાને વહેમો અને અનિષ્ટોનું મૂળ માનતા હતા. તેમણે કન્યા કેળવણી માટે ઈ.સ. 1903 માં શ્રી નારાયણ ધર્મ પરપાલન યોગમ' નામની સંસ્થા સ્થાપી હતી. તેમણે વિશ્વબંધુત્વની ભાવનામો પ્રચાર કરી અધ્યાત્મવાદી સુધારક તરીકેની નામના મેળવી હતી.

3. બ્રહ્મોસમાજે ભારતમાં ઉદારતાવાદ અને આધુનિકતાનું વાતાવરણ કઈ રીતે તૈયાર કર્યું?

➢ બ્રહ્મોસમાજે ભારતમાં એકેશ્વરવાદનો પ્રચાર કર્યો. તેણે મૂર્તિપૂજા , વિધિવિધાનો અને બ્રહ્માચારોને બદલે હૃદયપૂર્વકની પ્રાર્થના, કીર્તન અને પશ્ચાતાપને મહત્ત્વ આપ્યું. સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારવા તેમણે બાળલગ્ન, સતીપ્રથા, બહુપત્નીપ્રથા અને પરદાપ્રથા નાબૂદ કરવાનો પ્રયત્ન કર્યો. તેણે વિધવાવિવાહ તથા શ્રી શિક્ષણને ઉત્તેજન આપ્યું. જ્ઞાતિવાદને દૂર કરવા તેણે આંતરજ્ઞાતીય લગ્નો અને આંતરજ્ઞાતીય ભોજનને ઉત્તેજન આપ્યું. આમ, બ્રહ્મોસમાજે ભારતમાં ઉદારતાવાદ અને આધુનિકતાનું વાતાવરણ તૈયાર કર્યું.

4. ધર્મ સુધારણાનું સ્વરૂપ જણાવો.

➢ ખ્રિસ્તી દેવળ સંસ્થાઓમાં સુધારણા માટે જે આંદોલન થયા તેને ''ધર્મ સુધારણા'' તરીકે ઓળખવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મ ના મૂળભૂત આદર્શો એવા સાદાઈ, સેવા, સત્ય, સમાનતા અને માતૃભાવને સ્થાને ધર્મમાં પ્રવેશેલા જોહકમી, ભ્રષ્ટાચાર, શોષણ અને દેભી સામે જે પ્રચંડ આંદોલન થયું તે ધર્મ સુધારણા તરીકે ઓળખાય છે. પોતાના સ્વાર્થી હિત માટે પાદરીઓ, બિરાપો અને ખ્રિસ્તી સાધુઓએ ઈશુના માનવતાવાદી ઉદેશોને વિકૃત કરી નાંખ્યા. સમય જતા ઈશુના મૂળ સંદેશને ફરી સ્થાપિત કરવા અને ખ્રિસ્તી સમાજની પુનઃરચના માટે પ્રજાએ ઉપાડેલ આંદોલન ધર્મ સુધારણા તરીકે ઓળખાય છે.

➢ માર્ટિન લ્યુથર નામના જર્મન પાદરીએ વિટેનબર્ગના દેવળના દરવાજે 95 મુદ્દાવાળી એક યાદી ચોંટાડી. આ યાદીમાં ઈશુના મૂળસંદેશ મનની પવિત્રતા, સાદગી, સરળતા અને ઈશ્વરની અનુકંપા પર વિશ્વાસ જેવી બાબતોનો સમાવેશ કર્યો હતો. આ બાબતને લોકોએ ખૂબ જ સમર્થન આપ્યું. જેને પરિણામે યુરોપના અનેક દેશોમાં રોમન કેથોલિક દેવળો સામે વિરોધ શરૂ થયા. આ વિરોધ કરનાર પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના નામે ઓળખાય છે.

- રોમના પાપ વિરોધનો અવાજ ઉઠાવનાર 'સાવોનારોલા' ને જીવતા સળગાવી દીધા. જહોન વિકલીફ, જહોન હસ અને સાવોનારોલાની ચળવળને પરિણામે સમાજમાં ધર્મસુધારણા જોવા મળી. ધર્મસુધારણાને કારણે દેવળ અને પોતાની સર્વોપરિતા નષ્ટ થઈ લો કોને સ્વતંત્ર રીતે વિકાસ સાધવાની તક મળી. વિદ્યાઅભ્યાસને ઉત્તેજન મળ્યું. આમ, ધર્મસુધારણા આંદોલન નવ જાગૃતિનું પૂરક આંદોલન બન્યું.